આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી
માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત
બાબતના નિયમો

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૯/૧૬૫૨/બ(પાર્ટ-૨)
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૧૧/૨૦૧૯

વંચાણે લીધા:-

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૦૯/૧૬૫૨/બ, તા. ૧૩/૧૧/૨૦૦૯

(2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૧/૧૧૦૬/બ, તા. ૧૬/૦૯/૨૦૧૧

(3) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૨૨૦૧૩/૨૨૬૫/બ, તા. ૦૧/૦૪/૨૦૧૫

(4) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૦૯/૧૬૫૨/બ, તા. ૨૯/૫/૧૯૯૯

(5) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૯/૧૪૬/બ, તા. ૪/૭/૨૦૧૯

પ્રસ્તાવના:-

આમુખ (૧) થી સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે આંગણવાડી કાર્યકર/તેડાગરની ખાલી જગ્યા પર પસંદગી માટેના ધોરણો નક્કી કરવામાં આવેલ હતા. આમુખ (૨) થી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ તાલુકા કક્ષાએ મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની કામગીરી સોંપવામાં આવેલ હતી. આમુખ (૩) થી આંગણવાડી કાર્યકર/તેડાગર બહેનોને પ્રસુતિ રજાનો લાભ આપવાનું ઠરાવવામાં આવેલ હતું. આમુખ (૪) અને (૫) થી આંગણવાડી કાર્યકર/તેડાગર બહેનોને ઉનાળુ તેમજ દિવાળી વેકેશન આપવાનું ઠરાવવામાં આવેલ હતું.

સંકલિત બાળ વિકાસ યોજનાનો વ્યાપ વધારી કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના હેઠળ પૂર્વ શાળા શિક્ષણ, કિશોરીઓ માટેની યોજના વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે. સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ માટેની કેન્દ્ર સરકાર પુરસ્કૃત પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના તેમજ રાજ્ય સરકાર પુરસ્કૃત ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ માટેની પુરક પોષણ અને આરોગ્ય શિક્ષણની પૂર્ણા યોજના આંગણવાડી કેન્દ્રો મારફત અમલમાં મુકવાનું નક્કી કરવામાં આવેલ છે. બાળકોના પોષણ સ્તરમાં નોંધપાત્ર સુધારો થાય તે આશયથી કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮ થી રાષ્ટ્રીય પોષણ અભિયાન અમલમાં મુકવામાં આવેલ છે.

આ તમામ યોજનાઓના સફળ સંચાલન માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા આંગણવાડીઓ માટે પાકા મકાન, ગેસ સુવિધા, વિજળી સુવિધા, પીવાના પાણીની સુવિધા, શૌચાલય સુવિધા જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરી આપવામાં આવેલ છે. સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત વિવિધ લાભાર્થીઓને આપવાના થતા લાભો અને સેવાઓ તેઓને સમયસર મળે તેમજ તે બાબતોનું રીઅલ ટાઇમ મોનીટરીંગ થાય તે જરૂરી છે. આ હેતુ સિદ્ધ કરવાની સાથે આંગણવાડી કાર્યકરને રિપોર્ટીંગનું કાર્યભારણ ઘટે અને તેઓને વિવિધ પ્રકારના અહેવાલો ઓનલાઇન મોકલવાની સુગમતા રહે તે માટે આંગણવાડી કાર્યકરોને સ્માર્ટફોન આપવાનું રાષ્ટ્રીય પોષણ અભિયાન અંતર્ગત નક્કી કરવામાં આવેલ છે. સરકારની આ મહત્વાકાંક્ષી યોજનાઓનો વ્યાપ ધ્યાને લેતા આંગણવાડી સંચાલનની જવાબદારી નિભાવતા કાર્યકર/તેડાગરની પસંદગીના માપદંડમાં સુધારાઓ સાથે પસંદગી પ્રક્રિયા વસ્તુનિષ્ઠ, પારદર્શક અને સમયબદ્ધ હોવી જરૂરી બને છે. આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો સાથે માનદસેવા અને સમીક્ષા બાબતના નિયમો આવરી લઈ એક સંકલિત ઠરાવ બહાર પાડવાની બાબત વિચારણા હેઠળ હતી. આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી અંગેના ઉપર સંદર્ભમાં દર્શાવેલ ઠરાવો તેમજ આ બાબતની અગાઉની તમામ સુચનાઓ, પરિપત્રો અને ઠરાવો રદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદકર્મી તરીકે પસંદગીના ધોરણો, માનદકર્મીની ફરજો, તાલીમ, માનદ સેવા શિસ્ત, શિસ્તભંગ માટે દંડનીય કાર્યવાહી, માનદ સેવા સમીક્ષા અને માનદસેવા સમાપ્તિ અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબના ધોરણો/નિયમો નવેસરથી નક્કી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ</u>:-

1) આ નિયમો **"<u>આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમો</u>"** તરીકે ઓળખાશે અને આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી અમલમાં આવશે. અગાઉના ધોરણો અને નિયમો અન્વયે આંગણવાડી કાર્યકર/તેડાગર પસંદગીની જાહેરાત પ્રસિદ્ધ થયેલ હોય અને/અથવા ભરતી પ્રક્રિયા ચાલુ હોય પરંતુ માનદ સેવામાં જોડવા બાબતનો અંતિમ નિકાલ/આદેશ/હુકમ જાહેર કરવાનો બાકી હોય તેવી તમામ બાબતો આપોઆપ રદ ગણાશે. એવી તમામ બાબતો માટે આ ઠરાવની જોગવાઈઓ મુજબ પુન: નવેસરથી પસંદગી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

2) આંગણવાડી કાર્યકરે/તેડાગરે પોતાના કાર્યક્ષેત્રમાં તથા જરૂર જણાય તો અન્ય વિસ્તારમાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળની (ICDS SERVICES) સેવાઓ પુરી પાડવાની રહેશે. આંગણવાડી કાર્યકર અને તેડાગરના કાર્યો અને ફરજોની વિગતો <u>પરિશિષ્ટ-૧</u> માં દર્શાવ્યા મુજબની રહેશે. આંગણવાડી કાર્યકર અને તેડાગરના કાર્યો અને ફરજોમાં કમિશ્નરશ્રી (મહિલા અને બાળ વિકાસ) વખતો વખત જરૂર જણાય ત્યારે જરૂરી આનુષંગિક ફેરબદલ કરી શકશે.

3) **આંગણવાડી કાર્યકર અને તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો (ઉંમર, શૈક્ષણિક લાયકાત તથા અન્ય શરતો)**:-

3.1 આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે માત્ર મહિલા ઉમેદવાર અરજી કરી શકશે.